# જાહેરાત નો નમૂનો

**ઇન્સ્ટિટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ,પી.ડી.પી.યુ બાજુમાં**
**રાયસણ, ગાંધીનગર-૩૮૨૦૦૯,ફોન.૦૭૯-૬૬૭૩૯૦૨૩/૦૯**

**નોટીસ: વાહન નિકાલ ૨૦૧૭**

અમારી સંસ્થાના ડીઝલ વાહન (૧) આઇસર (૨), બોલેરો (૩) કોલીસ, આમ ત્રણ વાહનોની ટેન્ડર કમ હરાજી થી નિકાલ કરવાનો હોઇ રસ ધરાવતી પાર્ટીઓએ **વેબ સાઇટ:www.isr.gujarat.gov.in ની** મુલાકાત કરવા વિનંતી. કોઇ કારણોસર ટેન્ડર સંબંધીત સુધારા હશેતો તેની જાણકારી ઉપર દર્શાવેલ વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવશે. કોઇ પણ ટેન્ડર સ્વીકાર-અસ્વીકાર કે ટેન્ડર રદ કરવાનો અધિકાર સંસ્થાનો રહેશે.

**તા.૧૮/૪/૨૦૧૭** **વહિવટી, સ્ટોર્સ અને પરચેઝ અધિકારી**

ટેન્ડર ફોર્મ

## વાહનોને ટેન્ડર કમ હરાજી થી નિકાલ કરવા અંગે.

| **ઇન્સ્ટિટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ,**<br>www.isr.gujarat.gov.in<br>જાહેરાત નં. વાહન નિકાલ ૨૦૧૭ | |
|---|---|
| ટેન્ડર નં. | વાહન નિકાલ ૨૦૧૭ |
| ટેન્ડરની વિગત | **વાહનોને ટેન્ડર કમ હરાજી થી નિકાલ કરવા અંગે** |
| ટેન્ડર ફી (નોન રીફન્ડેબલ) | **૧૦૦૦/- (પ્રતિ વાહન)** |
| ટેન્ડર ઇ.એમ.ડી | **૫૦૦૦/- (પ્રતિ વાહન)** |
| ટેન્ડર અપલોડ કરવાની તારીખ | **૧૯/૪/૨૦૧૭** |
| ટેન્ડર જમા કરવાની છેલ્લી તારીખ અને સમય | **૧૦/૫/૨૦૧૭, બપોરે ૩:૦૦ કલાક સુધી** |
| ટેન્ડર ખોલવાની તારીખ અને સમય | **૧૦/૫/૨૦૧૭, બપોરે ૪:૦૦ કલાકે** |
| ઓફિસનુ સરનામુ | **ઇન્સ્ટિટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ,**<br>પેટ્રોલીયમ યુનિવર્સીટીની બાજુમાં, રાયસણ, ગાંધીનગર<br>ફોન નં. ૦૭૯-૬૬૭૩૯૦૨૩/૦૯ |

# **ઇન્સ્ટિટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ,**

## પેટ્રોલીયમ યુનિવર્સીટીની બાજુમાં, રાયસણ, ગાંધીનગર

ઇન્સ્ટિટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ, રાયસણ, ગાંધીનગર હસ્તકના રદબાતલ થયેલ ત્રણ ડીઝલ વાહનો ના નંબર (૧) જી.જે-૬-જી-૬૩૨૨ (આઇસર-11.10, એ.સી) (૨) જી.જે-૧૮-જી-૨૩૦૯ (બોલેરો-LX, નોન એ.સી) અને (૩) જી.જે ૬-જી-૮૮૩ ( ટોયટા ક્વોલીસ, એ.સી) ના વેંચાણ અંગેની શરતો.

| ક્રમ | વાહન નંબર | ખરીદીનું વર્ષ | ફરેલ કિ.મી | અપસેટ કિંમત |
|---|---|---|---|---|
| ૧ | **જી.જે-૬-જી-૬૩૨૨** (આઇસર-11.10) | ૨૦૦૫ | ૩૬,૮૫૬ | ૧,૨૦,000 |
| ૨ | **જી.જે-૧૮-જી-૨૩૦૯** (બોલેરો-LX) | ૨૦૦૮ | ૨,૧૪,૬૬૪ | ૬૫,000 |
| ૩ | **જી.જે ૬-જી-૮૮૩** (ટોયટા ક્વોલીસ) | ૨૦૦૪ | ૪,૧૫,૯૨૫ | ૬0,000 |

(૧). ટેન્ડર દરેક વાહન દીઠ અલગ આપવાના રહેશે. જે વાહન માટે ટેન્ડર ભરવામાં આવ્યુ હોય તેના કવર ઉપર ટેન્ડર નંબર અને વાહનનો નંબર લખવાનો રહેશે. અન્યથા માન્ય રાખવામાં આવશે નહી

(૨). આ વાહન ચાલુ હાલતમાં રદ બાતલ કરેલ છે. આ વાહન ટેન્ડર કમ હરાજી થી નિકાલ કરવાનો હોવાથી ઉપરોક્ત દર્શાવેલ વાહનો ના ટેન્ડર ફોર્મ ફી અને ઇ.એમ.ડી ફી ના બન્ને ડી.ડી રાષ્ટ્રીયકૃત બેન્કમાંથી અથવા ગુજરાત સરકાર ધ્વારા નક્કી કરવામાં આવેલ બેન્કમાંથી “Institute of Seismological Research, Gandhinagar” ના નામે ડી.ડી કઢાવીને આપવાનો રહેશે. ટેન્ડર ફી તથા ઇ.એમ.ડી વગરના ટેન્ડર ધ્યાને લેવાશે નહી તથા તેનું ટેન્ડર રદ કરવામાં આવશે. આ અંગે કોઇ વ્યાજની રકમ આપવામાં આવશે નહી.

**(૩) ટેન્ડર ફોર્મ, પત્રક (અ,) સાથે પોતાના નામ, સરનામા, ટેલિફોન નંબર વગેરે સહીત વાળુ પરબીડીયુ ટેકનીકલ બીડ તરીકે આપવાનું રહેશે અને બીડરની ઓફર પત્રક બ માટે પરબીડીયુ પ્રાઇઝ બીડ તરીકે જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી દિન........માં મળી જાય તે રીતે સીલબંધ કવરમાં ડાયરેકટર જનરલશ્રી, ઇન્સ્ટિટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ, રાયસણ, ગાંધીનગરને તારીખ ૧૦/૫/૨૦૧૭. ના 0૩:00. કલાક સુધીમાં રજીસ્ટર્ડ પોસ્ટ ટપાલ કે રુબરુમાં પહોંચે તેમ રવાના કરવાના રહેશે. કવર ઉપર મોકલનાર સંસ્થા/વ્યક્તિનુ સરનામુ લખવાનું રહેશે તેમજ ટેન્ડર નં. અને વાહન નં. લખવાનો રહેશે. સમયમર્યાદા બાદ આવેલ ટેન્ડર ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં. ટેન્ડર તારીખ ૧૦/૫/૨૦૧૭. ના રોજ 0૪:00 કલાકે ખોલવામાં આવશે. જેમાં પાર્ટીઓ એ હાજર રહેવાનુ રહેશે.**

(૪) વાહન માટે માંગણી મોકલતાં પહેલાં વાહન જોઇ તપાસીને ભાવો ભરવાના રહેશે. પાર્ટી ઉપરોકત વાહન જોવા ઇચ્છા ધરાવતા હશે તો કચેરીમાં જાહેર રજા સિવાયના દિવસો દરમ્યાન તા. ૨૧/૪/૨૦૧૭ થી તા. ૯/૦૫/૨૦૧૭ સુધી સવારે ૧૧:૦૦ કલાકથી સાંજના ૫:૦૦ કલાક દરમ્યાન રૂબરુ જોઇ શકાશે.

(૫).જે સંસ્થાએ/વ્યક્તિ એ ટેન્ડર ફોર્મ ભરેલ હશે તે જ વ્યક્તિ ટેન્ડર ખોલતા સમયે હાજર રહી શકશે અન્ય બહારની વ્યક્તિને હાજર રહેવા દેવામાં આવશે નહી, આ બાબતે ઓળખના પુરાવાઓ રજૂ કરવાના રહેશે.

(૬) હરાજીમાં જે પાર્ટી/ઇસમોએ ભાવ પત્રક રજુ કરેલ હોય તે જ ભાગ લઇ શકશે. ટેન્ડર દીઠ ૧ (એક) વ્યકતી હરાજીના રૂમમાં દાખલ થઇ શકશે.

(૭) વાહન “જેમ છે જયાં છે” ના ધોરણે નિકાલ કરવાનો છે. નકકી કરવામાં આવેલ તળિયાની કિંમત કરતાં ઓછી કિંમત ભરેલ હશેતો હરાજીથી વેચાણ કરવામાં આવશે. આ બાબતે કોઇ તકરાર ચાલશે નહી.

(૮) હરાજીમાં વાહનની વ્યાજબી કિંમત મળવાપાત્ર નથી તેમ સમિતિને જણાશે તો હરાજી કરવાનો નિર્ણય મોકુફ રાખી શકશે અને ટેન્ડર રદ પણ કરી શકશે આ બાબતે કોઇ તકરાર ચાલશે નહી.

(૯) ટેન્ડરમાં ભરેલ ભાવ, એક જ વ્યક્તિ ધ્વારા ટેન્ડર ભરાવવામાં આવેલ અથવા હરાજીમાં ઇસમો વચ્ચે અંદરો અંદરની સમજુતી થયેલ હશે તેવુ સમીતીને જણાશેતો ટેન્ડર રદ કરવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.

(૧૦) જે પાર્ટીના ટેન્ડર મંજુર થશે તેઓએ વાહનની કિંમતના ૨૫ ટકા રકમ ચેક કે ડીડીથી તાત્કાલીક સંસ્થાની રોકડ/હિસાબી શાખામાં જમા કરાવવાની રહેશે. અને બાકીની રકમ ૧૫ (પંદર) દિવસમાં ભરવાની રહેશે. જો સમયમર્યાદામાં પૈસા ભરવામાં નહીં આવે તો ડીપોઝીટની રકમ અને ૨૫ ટકા ભરેલ રકમ દંડ તરીકે જપ્ત કરવામાં આવશે. આ બાબતે કોઇ તકરાર ચાલશે નહી.

(૧૧) હરાજીની બોલીમાં રૂા.૧૦૦૦/-(એક હજાર) થી વધુ અને તેના ગુણાંકમાં જ ચડાવો કરી શકાશે.

(૧૨) વાહન ખરીદનાર વ્યકતી/સંસ્થાએ તે વાહન રાજય સરકારની લાગતી વળગતી કચેરી (આર.ટી.ઓ.) માં પોતાનાં ખર્ચે પોતાના નામે તાત્કાલીક ટ્રાન્સફર કરાવી લેવાનું રહેશે. અને તેના આધાર પુરાવાઓ સાથેની જાણ ૧૫ દિવસમાં અત્રેની કચેરીને કરવાની રહેશે. ત્યારબાદ જ વાહનનો કબ્જો આપવામાં આવશે.

(૧૩) જે પાર્ટી/ઇસમોના ભાવ સ્વીકારવાપાત્ર ન બન્યા હોય તેઓએ ડીપોઝીટની રકમ/ડી.ડી તે જ દિવસે. લેખિત અરજી આપ્યાથી પહોંચ લઇ રકમ/ડી.ડી પરત મેળવી લેવાની રહેશે. આ અંગે કોઇ વ્યાજ કે વળતર આપવામાં આવશે નહી.

(૧૪) પુરેપુરી રકમ આ સંસ્થાને ચુકવી હોય, વાહન ને લગતા કર, વીમા વિગેરે અંગેના ચલણ, પત્રો અત્રે ની સંસ્થા ખાતે જમા કરાવ્યા બાદ "જયાં છે ત્યાંથી" તેવી જ સ્થિતીમાંથી વાહનની સરકારી નંબર પ્લેટ કાઢી લેવામાં આવશે ત્યાર બાદ કબજો સંસ્થા તરફથી સોંપવામાં આવશે. અને વાહનને ત્યાંથી લઇ જવાની જવાબદારી ખરીદનારની રહેશે.

(૧૫) વાહનના વેરા/વેટ/વીમો/રજીસ્ટ્રેશન/ અન્ય ફી તથા વાહન સંબંધી તમામ કરવેરા/ખર્ચ ખરીદનારના શિરે રહેશે. તેમજ સંબંધિત કાગળોની કાર્યવાહી આ વાહનની ખરીદી કરનારે સ્વ ખર્ચે કરવાની રહેશે. કોઇપણ પ્રકારના વિવાદ માટે આ કચેરી જવાબદાર રહેશે નહી.

(૧૬) ટેન્ડર સંબંધીત કાર્યવાહી કે શરતો બાબતે જો વાદ-વિવાદ ઉભો થાય કોર્ટ-કચેરીનું ન્યાય ક્ષેત્ર ગાંધીનગર રહેશે.

(૧૭) વાહન ખરીદનાર વ્યક્તિ/સંસ્થાએ પોતાના રહેઠાણ/ઓફિસનું પુરું સરનામું ફોટો ઓળખ વાળા આધાર પુરાવા સાથે ડ્રાઇવીંગ લાયસન્સ, આધાર કાર્ડ, પાનકાર્ડ અને લાઇટ બીલ, ફોન નંબર, મોબાઇલ નંબર સહીત આપવાના રહેશે.

(૧૮) કોઇ પણ કારણોસર, કોઇ પણ સમયે ટેન્ડર રદ કરવાનો અધિકાર નિયામક જનરલશ્રીનો રહેશે.

ટેન્ડર ભરનાર એજન્સી/વ્યક્તિની સહી, સિક્કો

## ટેકનીકલ બીડ, પત્રક : ૧ (વાહન નિકાલ ૨૦૧૭, ટેન્ડર ફોર્મ સાથે બીડવું)

૧. ટેન્ડર ભરનાર એજન્સી/વ્યક્તિનું નામ:

(એજન્સીના રજીસ્ટ્રેશનની વિગતો સાથે જોડવાની રહેશે)

૨. એજન્સી/રહેઠાણનું સરનામુ:

(નોંધણીનો દાખલો, આધાર કાર્ડ, બેન્ક પાસ બુક, ડ્રાઇવિંગ લાયસન્સ, પાન કાર્ડ, ચુંટણી કાર્ડ, લાઇટબીલ, ફોન બીલ ની નકલો, જોડવાની રહેશે)

૩ કયા વાહનની ખરીદી માટે માંગણી કરેલ છે:

૩. કોઇ સરકારી કચેરીમાંથી વાહનો મેળવ્યા હોયતો તેની વિગતો:

(સરકારી કચેરીના ઓર્ડરોની નકલો જોડવાની રહેશે)

૪. છેલ્લા વર્ષોનું આઇ.ટી રીટર્નની વિગત:

૫. અમો/હુ એ ટેન્ડરમાં આપેલ તમામ શરતો ખૂબજ કાળજીપુર્વક વાંચેલ તથા સમજેલ છે આ તમામ શરતો અમોને/મને મંજુર, બંધન કર્તા અને માન્ય છે.

૬. નીચેની વિગતો ભરવી.

(તાજેતરનો ફોટો) (સહી) (ડાબા હાથના અંગૂઠાનું નિશાન)

**પ્રાઇઝ બીડ, પત્રક: બ (ટે.નં.વાહન નિકાલ ૨૦૧૭, અલગ કવરમાં બીડવું)**

| વાહનનો પ્રકાર અને નંબર | ભરેલ ભાવ (રૂ) | શબ્દોમાં ભાવ (રૂ) |
|---|---|---|
| | | |

અરજદાર/સંસ્થા નું નામ:

ડાબા હાથના અંગુઠાનુ નિશાન:

સહી અને સિક્કો: